

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

## ભિલોડામાં દેના બેંકનું એ.ટી.એમ. વારંવાર ખોટકાતા ગ્રાહકો હેરાન-પરેશાન

અરવલ્લી જીલ્લાના ભિલોડા દેના બેંકનું એ.ટી.એમ. મશીન વારંવાર ખોટકાતા ગ્રાહકો હેરાન-પરેશાન બન્યા છે. ભિલોડા તાલુકાના સમાજીક કાર્યકર ભરતભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ભિલોડાના હાર્દસમા બજાર વિસ્તારમાં આવેલ દેના બેંક શાખાનું એ.ટી.એમ. મશીન વારંવાર ખોટકાતા ગ્રાહકો હેરાન-પરેશાન બન્યા હોવાનું જણાવ્યું હતું. ભિલોડામાં દેના બેંક એ.ટી.એમ. મશીનના મેઈન ગેટ ઉપર બોર્ડ ભરાવેલું હોય છે કે એ.ટી.એમ. બંધ છે. ભિલોડા દેના બેંક એ.ટી.એમ.માં ઈમરજન્સીમાં જ્યારે-જ્યારે ગ્રાહકો રૂપિયા લેવા જાય ત્યારે મોટા ભાગે ગ્રાહકો એ.ટી.એમ. મશીન બંધ હોવાના કારણે નારાજ બની જતા હોય છે. ભિલોડામાં રાષ્ટ્રીયકૃત બેંકોના એ.ટી.એમ. મશીનો અવાર-નવાર ખોટકાતા ગ્રાહકો ભારે મુઝવણમાં મુંકાયા બાદ આર્થિક મુશ્કેલીમાં મુંકાતા હોય છે. ભિલોડામાં રાષ્ટ્રીયકૃત બેંકોના વહીવટી અધિકારીઓએ જણાવ્યું હતું કે કનેકટીવીટીનો ઝળહળતો પ્રાણ પ્રશ્ન હોવાના કારણે વારંવાર એ.ટી.એમ. મશીનો ખોટકાતા હોય છે.

### ૧૦૦થી વધુ વ્યક્તિનો ભોગ લેનાર ઝાંઝરીના ભોગીયા ધરામાં

# તંત્ર હજુ કેટલી જિંદગીઓ ડુબવાની રાહ જોશે ...


## ઝાંઝરીના ધોધમાં ન્હાવા પર તંત્ર ધ્વારા પ્રતિબંધ લગાવવામાં આવે તેવી લોકોની માંગ

મોડાસા, તા.૧૫

કહેવાય છે કે દરેક સુંદર ચીજ હંમેશા બેવફા હોય છે આ કહેવત જાણે બાયડ તાલુકાના ડાભા ગામે આવેલ ઝાંઝરીના ધોધ માટે સાચી સાબીત થતી હોય તેવુ લાગી રહયુ છે. કારણ કે ઝાંઝરીના ભોગીયા ધરાએ અત્યાર સુધી ૧૦૦થી વધુ લોકોનો ભોગ લઈ ચુકયો છે.

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકામાં પ્રવાસન ધામ તરીકે ગુજરાત નામના ધરાવતુ સુંદર અને રમણીય ઝાંઝરીનો ધોધ આવેલો છે. સાથે એક સુંદર મંદિર પણ આવેલુ છે. એક વાર જોતા જ આંખના પલકારામાં ગમી જાય તેવુ આ સ્થળ છે અને મનને અહિ આવતાની સાથે જ જાણે એક અલગ જ શાંતીનો અહેસાસ થતો હોય તેવી આ જગ્યા છે. જેથી આ સ્થળે અમદાવાદ, ગાંધીનગર અને ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. આ પ્રવાસીઓ ઝાંઝરીના ધોધથી આર્કષાઈને તેમાં નહાવા પડે છે. છેલ્લા ૧૫ એક વર્ષમાં આ ધોધમાં કુલ ૧૦૦ લોકો પાણીમાં નહાવા પડવાને લઈને મૃત્યુ પામ્યા છે. છતાં પણ તંત્ર ધ્વારા આ બાબતને ગંભીરતા થી લેવા માં આવતી નથી.

તંત્ર જાણે કે હજુ બીજા વધારે માણસોના ડુબવાની રાહ જોઈને બેઠુ હોય તેમ માત્ર ને માત્ર આ ધોધ જોવા જતાં પ્રવાસીઓ માટે ફકત આ ગંગેશ્વર મહાદેવથી ૨ કિમીના અંતરે આવેલ ધોધએ ખુબ જ જોખમી છે અને આ જગ્યા પર અગાઉ કેટલાક લોક ડુબી જવાથી મૃત્યુ પામ્યા છે તેથી આ જગ્યાએ કોઈએ નહાવા પડવુ નહી. માત્ર આટલી ચેતવણી આપતા બોર્ડ લગાવીને તંત્ર ધ્વારા સંતોષ માની લેવામાં આવ્યો છે પરંતુ આ ધોધમાં બહારથી આવતા પર્યટકો આ ધોધમાં ન્હાવા પડે નહી અને કોઈ દુર્ઘટના ના સર્જાય તે માટે તંત્ર ધ્વારા કોઈ નક્કર પગલા લેવામાં આવતા નથી.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

જયારે પ્રવાસીઓ ધ્વારા આ ચેતવણીની અવગણના કરીને આ ધરામાં નહાવા પડે છે અને પરિણામ એ આવે છે કે તે મૃત્યુ પામે છે. જયારે લોકોને ધોધ સુધી લઈ જવા માટે લોકલ ગાઈડ અને ઊંટસવારીવાળા પણ લોકોને સમજાવે છે કે આ જગ્યા જોખમી છે અને અહિ નહાવા ના પડતા છતા પણ લોકો ધ્વારા આ અંગે આખ આડા કાન કરવામાંઆવે છે.

બીજી બાજુ સરકાર ધ્વારા ઝાંઝરીના રમણીય ધોધને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કર્યા બાદ આ જગ્યા પર બહારથી આવતા પ્રવાસીઓમાં વધારો થવા પામ્યો છે અને આ ધોધ ઉપર કોઈ સીકયુરીટી કે કોઈ બેરીકેટસ ના લગાવેલા હોવાથી લોકો આ ધોધમાં મોતથી અજાણ થઈને નહાવા પડે છે અને છેવટે આ ધોધમાં ડુબીને મૃત્યુ પામે છે. ગઈકાલે અમદાવાદથી આવેલા કેટલાક મિત્રો આ ભોગીયા ધરામાં નહાવા પડયા હતા અને અને આ ધોધના ધસમસતા પ્રવાહમાં તણાવા લાગ્યા હતા. જેમાંથી પાંચ મીત્રો એક બીજાની મદદગારીથી બહાર આવી ગયા.

જયારે એક ૨૧ વર્ષીય યુવાનનુ પાણીમાં ડુબી જવાથી મોત નીપજયુ હતુ. ત્યારે અત્યાર સુધી આ ધોધમાં ૧૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે જેને લઈને હવે બાયડ તાલુકાની જનતામાં આ બાબતને લઈને રોષ ફેલાયો છે. જો આગામી દિવસોમાં તંત્ર ધ્વારા આ ઝાંઝરીના ધોધમાં નહાવા પડતા લોકો માટે કોઈ ચોકકસ પ્રકાર પગલા લેવામાં નહી આવે કે કાર્યવાહી કરવામાં નહી આવે તો આગામી દિવસોમાં બાયડ તાલુકાના અગ્રણીઓ ધ્વારા ગાંધી ચીધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેમજ મુખ્યમંત્રીને પણ આ અંગે રજુઆત કરવામાં આવશે તેવુ જાણવા મળ્યુ હતુ.

# મોડાસામાં શિક્ષણ માટે આંજણા સમાજે એક કરોડ ભેગા કર્યા

## મોડાસાની સત્યમ વિદ્યાલયમાં દાતાઓનો સન્માન સમારોહ યોજાયો

મોડાસા, તા. ૧૫

મોડાસા અખિલ આંજણા કેળવણી મંડળ મોડાસા સંચાલિત સત્યમ વિદ્યાલયમાં યોજાયેલા શાળા પ્રવેશોત્સવ પ્રસંગે દાતાઓએ દાનની સરવાણી વહાવી હતી. વિદ્યાલય અને છાત્રાલયના વિકાસ માટે અંદાજે રૂ. ૧ કરોડનું દાન એકત્ર થયું હતું.

મોડાસા બાયપાસ માર્ગ પર આવેલા વિદ્યાસંકુલમાં યોજાયેલા દાતા સન્માન, શાળા પ્રવેશોત્સવ અને માધ્યમિક સ્કૂલ દીપ પ્રાગટ્યના ત્રિવેણી કાર્યક્રમ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, ઓલ ઈન્ડીયા આંજણા મહાસભાના સંરક્ષક અને મુખ્ય દાતા હરિભાઈ ચૌધરી, કેળવણી મંડળના પ્રમુખ ગોરધનભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રામજી મંદિર સાયરાના મહંત રામજીવનદાસજીએ આશીર્વચન પાઠવી શિક્ષણના મહત્વને સમજાવ્યું હતું. તમામ વક્તાઓએ સમાજને શિક્ષિત અને સંગઠિત કરવા ઉપર ભાર મુક્યો હતો. કાર્યક્રમનું સંચાલન ગુજરાત બાર કાઉન્સિલના સદસ્ય હીરાભાઈ પટેલ, સહકારી જીનના ચેરમેન રમણભાઈ પટેલ અને સમાજના અગ્રણી હરેશભાઈ પટેલ દ્વારા કરાયું હતું.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## ભિલોડા આર.જી.બારોટ બી.એડ્. અને એમ.એડ્. કોલેજમાં સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ બી.એડ્. અને એમ.એડ્. કોલેજમાં પુર્વ તાલિમાર્થીઓનો સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા આર. જી. બારોટ એજ્યુંકેશન કેમ્પસ ડાયરેકટર દેવાંગભાઈ બારોટએ જણાવ્યું હતું કે પુર્વ તાલિમાર્થીઓનો સ્નેહ સંમેલન કાર્યક્રમનું વિશેષ આયોજન કરાયું હતું. પુર્વ તાલિમાર્થીઓ,અધ્યાપકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્નેહ સંમેલન કાર્યક્રમનો મુખ્ય હેતુ એ હતો કે કોલેજ ધ્વારા કરાયેલા સંસ્કાર, સીચન વિસ્તારવાનો અને સમાજ સુધી પહોંચાડવાનો હતો.

## વાકાંખોડા ગામેથી વિદેશી દારૂ ભરેલી કાર પોલીસે ઝડપી

ઈસરી, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના સરહદી વિસ્તારોમાંથી રાજસ્થાન, હરિયાણા અને પંજાબના બૂટલેગરો વિદેશી દારૂ ગુજરાતમાં ગેરકાયદેસર ઘુસાડવા મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે. શામળાજી રતનપુર ચેકપોસ્ટ સરહદ પર શામળાજી પોલીસે કડકાઈપૂર્વક અને સઘન ચેકિંગ હાથ ધરતાં બુટલેગરો દ્વારા ગુજરાત રાજ્યની અન્ય સરહદ અને મેઘરજ તાલુકાના રેલ્લાવાડા નજીકના માર્ગનો ઉપયોગ કરી વિદેશી દારૂ ગેરકાયદેસર ઘુસાડવા પ્રયત્નશીલ બન્યા છે. ત્યારે શનિવારે રાત્રીના સમયે ઈસરી પોલીસે સઘન ચેકિંગ હાથ ધરી મારૂતિઝેન કારમાંથી ૩૧૨૦૦નો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી ૧ ઈસમની ધરપકડ કરી હતી.

મેઘરજ તાલુકા ઈસરી પોલીસ સ્ટેશના પી.એસ.આઈ. આર.ડી. સગરને બાતમી મળતાં ઈસરી પોલીસ સ્ટેશનના પોલીસ ટીમ સાથે શનિવારે રાત્રે મેઘરજના રેલ્લાવાડા નજીક આવેલા વાંકાખોડા ગામની સીમમાં રાજસ્થાન તરફથી ગુજરાતમાં પ્રવેશી રહેલા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. રાજસ્થાન તરફથી આવતી મારૂતિ ઝેન કાર નં. જીજે૧એપી ૨૬૬૨નો ચાલક પોલીસ ચેકિંગ જોઈને ચેકિંગથી થોડેક અંતરે મારૂતિ ઝેન કાર છોડીને નાસી છુટ્યો હતો. જ્યારે મારૂતિઝેન કારમાં સવાર અન્ય પ્રકાશ ઉર્ફે ટીપુ વશરામભાઈ ચારણ (રહે. ચારણવાસ ઝુંપડપટ્ટી, કુબેરનગર, અમદાવાદ)ને ઝડપી પાડી કારની તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂ ૫૦૦ મીલીની ૩૧૨ નંગ કિં. રૂ. ૩૧૨૦૦નો વિદેશી દારૂનો જથ્થો વગર પાસ પરમીટે ગેરકાયદેસર ઘુસાડવામાં આવતો ઝડપી પાડ્યો હતો. વિદેશી દારૂ ૩૧૨૦૦ રૂ.નો અને મારૂતિકાર કિંમત રૂ. ૧૦૦૦૦૦ મળી કુલ ૧,૩૧,૨૦૦નો મુદ્દામાલ જપ્ત લઈ મારૂતીકાર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ઈસરી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.ડી. સગરે ૧ વ્યક્તિને ધરપકડ કરી પ્રોહિબેશન એક્ટ હેઠળ જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઈશરી પોલીસ દ્વારા રેલ્લાવાડા સરહદ નજીક સઘન ચેકિંગ હાથ ધરતાં બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.


(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)




## પાલનપુર બીઓઆઈ શાખામાં વિદાય લેતા ચાર કર્મચારીઓનો વિદાય સમારોહ યોજાયો

પાલનપુર બેંક ઓફ ઈન્ડિયા શાખામાં ફરજ બજાવતા ચાર કર્મચારીઓ વય નિવૃત્ત થતા પૂર્વ મેનેજર હાથીના અધ્યક્ષસ્થાને વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. ઉપસ્થિત કર્મચારીઓએ વિદાય લેતા કર્મચારીઓની ફરજને બિરદાવી હતી. પાલનપુરમાં આવેલ બેંક ઓફ ઈન્ડિયા શાખાના ચાર કર્મચારી ભીમજીભાઈ દેસાઈ, મગનભાઈ થુંબડિયા, નવીનભાઈ મોદી અને કેસરભાઈ ભટોળે બેંકમાં પોતાની સેવાઓ આપી હતી. ચાર કર્મચારીઓ એક સાથે વય નિવૃત્ત થતા ભાવભરી વિદાય આપવામાં આવી હતી. બેંક ખાતે ચારે કર્મચારીઓનો ભવ્ય વિદાય સમારોહ યોજાયો હતો. જેમાં વિદાય લેતા કર્મચારીઓને મોમેન્ટો અને સ્મૃતિ ચિહ્ન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ મેનેજર હાથીએ બેંકનો ભવ્ય ભૂતકાળ વાગોળ્યો હતો. વય નિવૃત્ત થતા કર્મચારીઓએ ફરજ દરમિયાન સ્ટાફ દ્વારા મળેલ સહકાર માટે આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે છાપી શાખા મેનેજર તુવર, સિદ્ધપુરના ઠાકર તેમજ બેંક શાખાનો સ્ટાફ અને કર્મચારીઓના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કાર ઝાડ સાથે અથડાતા બે મહિલાના મોત

મહેસાણા, તા.૧૫

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના વડુ અને ભાન્ડુ ગામ વચ્ચે એક કાર ઝાડ સાથે અથડાતા અંદર બેઠેલ નાયક પરિવારના સાસુ વહુના કરૂણ મોત નિપજયા હતા જયારે ત્રણ વ્યકિતઓને ઈજાઓ થવા પામી હતી. મૂળ ઊંઝા તાલુકાના અને હાલ મહેસાણા ખાતે રહેતા રોહિતભાઈ નીતનભાઈ નાયક પરિવારજનો અને સગા સાથે વેગનઆર કારમાં વિસનગર તાલુકામાં આવેલ માતાજીના મંદિરે દર્શન કરવા માટે ગયા હતા જયાંથી પરત કંથરાવી જવા વાયા વાલમ થઈ નિકળ્યા હતા. દરમિયાન વડુ અને ભાન્ડુ વચ્ચે અચાનક માર્ગ પર નીલગાય આવી જતા મોટરકારના ચાલક રોહિત નાયકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ઝાડ સાથે અથડાઈને પલ્ટી ખાઈ ગઈ હતી. જેમાં લીલાબેન નાયક અને સરોજબેન નાયક બંને સાસુ વહુના મોત નીપજયા હતા.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લા પત્રકાર સંઘ અને જિલ્લા માહિતી કચેરી હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે સ્વ. કપિલભાઈ રાવલને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. સ્વ. કપિલભાઈ રાવલના ત્રણ દાયકાના પત્રકારત્વ જગતને ઉજાગર કરતી મીઠી યાદોને સાથી પત્રકારોમિત્રોએ વાગોળી હતી. આ પુષ્પાંજલિ કાર્યક્રમમાં વરિષ્ઠ પત્રકાર અશ્વિનભાઈ ભટ્ટ, દૈનિક વર્તમાનપત્રના અગ્રણી યોગેશભાઈ દવે, મગનજીત વણઝારા, મકસુદભાઈ મનસુરી, ભાવેશ બારોટ, બટુકભાઈ પટેલ, જિલ્લામાંથી અન્ય પ્રવિણભાઈ પટેલ, નરેશ પટેલ, નટુભાઈ પટેલ સહિત ઈલેક્ટ્રોનિક મીડિયામાંથી રસિકભાઈ સોની સહિત મોટી સંખ્યામાં પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુર ખાતે સહજ રાજયોગ અનુભૂતી કાર્યક્રમ યોજાશે

આગામી ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિન તરીકે જાહેર થયાના અનુસંધાને આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક સંસ્થા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા પણ યોગ અને મેડીટેશનના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્માકુમારીઝ પાલનપુર સેવા કેન્દ્ર દ્વારા કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં ૨૧-૬-૧૫ના રોજ સાંજે ૬.૩૦ ચમનબાગ, સિમલાગેટ, પાલનપુર ખાતે 'સહજ રાજયોગ અનુભૂતી કાર્યક્રમ' યોજાશે. પાલનપુર શહેરના પ્રબુદ્ધ નાગરીકો-મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કરાવવામાં આવશે. પાલનપુર સેવા કેન્દ્રના સંચાલિકા બ્ર.કુ. ભારતીબેન દ્વારા સામુહિક યોગાભ્યાસ કરાવવામાં આવશે.

## ભિલોડામાં શ્રીમદ્ ભાગવત કથા અને જ્ઞાનયજ્ઞનો કાર્યક્રમ યોજાશે

ભિલોડા, તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં શ્રીમદ્ ભાગવત કથા અને જ્ઞાનયજ્ઞનો કાર્યક્રમ પટેલ સમાજવાડી, ભિલોડામાં તા.૧૭/૬/૨૦૧૫ ને બુધવાર થી તા.૨૩/૬/૨૦૧૫ ને મંગળવાર સુધી સમય બપોરે ૨:૦૦ થી સાંજે ૪:૦૦ દરમ્યાન યોજાશે.

પવિત્ર પાવન પુરૂષોત્તમ માસના શુભારંભ દિન થી સૌના આત્મકલ્યાણ અર્થે સનાતન ધર્મ સંસ્કૃતિના સમર્થ સંદેશવાહક પરમ પુજ્ય સંત શિરોમણી શ્યામ સુંદરદાસજી બાપુ (વસાઈવાળા) અધિક માસ દરમ્યાન ભાવિક ભક્તોને ભક્તિમય રસપાન કરાવશે તેમ જાણાવ્યું હતું. પોથીયાત્રા અને વ્યાસ પુજનના મુખ્ય દાતા સ્વ.જશોદાબેન ભગવાનદાસ ત્રિવેદી, પોથીયાત્રા સંગીતાબેન ત્રિવેદી છે.

શ્રી રાધાકૃષ્ણ ભક્ત મંડળ, મહિલા ભજન મંડળ, ભિલોડા પ્રમુખ પ્રેમીલાબેન ત્રિવેદી, જ્યોતિબેન ભાટીયા, હેમલત્તાબેન ઉપાધ્યાય, વસુબેન પંડ્યા સહિત ભિલોડા ગ્રામજનોના સંયુક્ત ઉપક્રમે શ્રીમદ્ ભાગવત કથા અને જ્ઞાનયજ્ઞનો કાર્યક્રમ યોજાશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD | Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ०૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (०૭૯) ૨૩૨૧૨૬૪०
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦